# ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ
## અમદાવાદ

## ઈ-ટેન્ડર નોટીસ

આથી સ્થાપિત બહોળો અનુભવ, આર્થિક સધ્ધરતા અને કામગીરી પરિપૂર્ણ કરવાની વિશ્વસનિયતા/ શાખ ધરાવનાર એજન્સી પાસેથી જીએમડીસીનાં ગુજરાતમાં આવેલાં માતાનામઢ પ્રોજેકટ ખાતે ૦૧ નંગ એમ્બ્યુલન્સ મોડલ વર્ષ ૨૦૧૪ અથવા ૨૦૧૫ નાં વર્ષના મોડલનું વાહન કોન્ટ્રાકટથી ચલાવવા માટે ભાવપત્રક ટુ-બીડ સીસ્ટમમાં મંગાવવામાં આવે છે.

જે તે ઈચ્છુક એજન્સીએ જાતે ટેન્ડર ફોર્મ મેળવીને નીચે જણાવલે સરનામે નિયત કરેલી ફી ભરીને જમા કરાવવાનું રહેશે અને તા.૦૬.૦૮.૨૦૧૫ બપોરે ૩.૦૦કલાક સુધીમાં ટેકનિકલ બિડ અને પ્રાઈસ બિડ આપી દેવાનું રહેશે. ટેન્ડર ફોર્મ્સ માત્ર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે બીડરે www.gmdcltd.com તેમજ https://www.nprocure.com ની વેબસાઈટ જોવાની રહેશે.

વધુમાં આ ટેન્ડર માટે ઈ-ટેન્ડર ભરવા માટેની પણ વ્યવસ્થા ઉપલબ્ધ છે. ઈ-ટેન્ડર ભરવા માટે બીડરે એન(કોડ) સોલ્યુશનની વેબસાઈટ https://www.nprocure.com જોવાની રહેશે.

તા.૦૬.૦૮.૨૦૧૫ ના રોજ ટેકનિકલ બિડ સાથે ઈએમડી ડ્રાફટ બપોરે ૩-૦૦ કલાક સુધીમાં પાંચમા માળે રજીસ્ટ્રી વિભાગમાં જમા કરાવવાનું રહેશે જેમની ટેન્ડર ફી અને ઈએમડી ડ્રાફટ નિયત સમય મર્યાદામાં મળેલ હશે તેમનું જ ટેકનિકલ બિડ બપોરે ૪-૩૦ કલાકે તા.૦૭.૦૮.૨૦૧૫ ના રોજ ટેન્ડર પધ્ધતિ અનુસાર ખોલવામાં આવશે.

ટેન્ડર મેળવવાનું તથા જમા કરાવવાનું સરનામું નીચે મુજબ છે.


# ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ

**CIN: L14100GJ19635GC001206**

ખનિજ ભવન, યુનિવર્સીટી ગ્રાઉન્ડ, ૧૩૨ ફૂટ રીંગ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૨

ફોન :(૦૭૯) ૨૭૯૧૦૦૯૦ / ૨૭૯૧૨૪૪૩ / ફેક્ષ : (૦૭૯) ૨૭૯૧૦૯૬૯ / ૨૭૯૧૧૪૫૪

ઈ-મેલ : Persn@gmdcltd.com Web-site : www.gmdcltd.com

# જાહેર નિવિદા

**નિવિદા નંબર : જીએમડીસી/એચઆર/માતાનો મઢ/એમ્બ્યુલન્સ/૦૧/૨૦૧૫**

**એચ.આર. વિભાગ**
**ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડ**
**૧૩૨ ફુટ રીંગ રોડ, યુનિર્વસીટી મેદાન,**
**વસ્ત્રાપુર,અમદાવાદ-૩૮૦ ૦૫૨.**

વિષય :- નિગમના લિગ્નાઈટ પ્રોજેકટ માતાનામઢ ખાતે એક નંગ નીચે જણાવ્યા મુજબની એમ્યુલન્સ બે વર્ષ માટે કોન્ટ્રાકટથી ભાડે આપવા બાબત.

નિગમના માતાનામઢના સ્ટાફને ભુજ તથા અન્ય કોઈપણ જગ્યાએ મેડીકલ ઓફિસરની/પ્રોજેકટ ઓથોરીટીની સુચના મુજબ ઈમરજન્સીમાં લાવવા લઈ જવાના ઉપયોગ અર્થે એમ્યુલન્સની જરૂરીયાત છે.

| વાહનનો પ્રકાર | લઘુત્તમ માસિક કિ.મી. |
|---|---|
| એમ્યુલન્સ ફોર્સ-૧ | ૩૦૦૦ કિ.મી. અને ૨૪ કલાક માટે પ્રતિ એમ્યુલન્સ |

૧. મોડલ વર્ષ-૨૦૧૪ અથવા ૨૦૧૫ વર્ષના મોડલ
ફોર્સ-૧ / ટીડી-૨૬૫૦ એફટીઆઈ, ટીડી-૨૬૫૦ એફટીઆઈ (બીએસ-૩)
વીંગર-વીંગર હાઈરૂફ કસ્ટમાઈઝ ડબલ સ્ટ્રેચર સાથે.
ઈનબીલ્ટ રીકવાયરમેન્ટ-પોર્ટબલ સકશન મશીન, બી.પી. ઈન્સ્ટુમેન્ટ ઈલેકટ્રોનિક,

ઓકસીજન સીલીન્ડર વીથ કંપ્લીટ કીટ (રેગ્યુલેટર અને ફલો મીટર અને માસ્ક), એરકન્ડીશન સાથે, resuscitator adult and pediatrics પડદા સાથે અને ઈમરજન્સીમાં મુકવાની દવાઓનાં કેબીનેટ સાથે. સેન્ટ્રલ મોટર વ્હીકલના તમામ નિયમો અનુસારની.

૨. <u>બીડરની એલીજીબીલીટી નાં ક્રાઈટેરિયા (યોગ્યતાના માપદંડો) :</u>

(એ) બીડર પાસે સરકારી / અર્ધસરકારી / મ્યુનિસિપાલીટી / અથવા ખાનગી કંપની ખાતે અથવા આ કચેરીઓ દ્વારા ચલાવાતા હોસ્પીટલમાં નો / ખાનગી કંપનીનો વાર્ષિક રૂા. દશ લાખનો છેલ્લાં ત્રણ પૈકીના કોઈપણ એક વર્ષનો (૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫) સદર કામકાજનો સીંગલ વર્કઓર્ડર હોવો જોઈએ જેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(બી) બીડરે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ નું બેલેન્સશીટ, સ્ટેટમેન્ટ ઓફ ઈન્કમ સાથે તેમજ આવકવેરા રિર્ટન રજુ કરવાનું રહેશે. બેલેન્સશીટ ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલ હોવી જોઈએ, સાથેસાથ ચાર્ટડ એકાઉન્ટન્ટનો મેમ્બરશીપ સર્ટીફીકેટ નંબર હોવો જોઈએ.

(સી) બીડર પાસે પોતાની માલિકીની ઓછામાં ઓછી એક એમ્બયુલન્સ (જાન્યુઆરી ૨૦૧૪ પછીની) હોવી જોઈશે અને તે અંગેના જરૂરી પુરાવા રજુ કરવા જોઈશે. (આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન ની નકલ)

(ડી) બીડરે ટેન્ડર સાથે રૂા.૧૦ લાખનું તા.૦૧/૦૪/૧૫ પછીનું નેશનલનાઈઝડ બેંકનું (અન્યથા આઈસીઆઈસીઆઈ બેંક, એક્ષીસ બેંક, એચડીએફસી બેંક) સોલવંશી સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(ઈ) જો કદાચ એક સરખા ભાવો આવે તો ત્રણેય વર્ષનું ટર્નઓવર ભેગુ કરીને તેની સરેરાશ જે બીડરની વધુ હશે તે બીડર પ્રથમ લોએસ્ટને પાત્ર બનશે.

(એફ) બીડરે છેલ્લા ત્રણ વર્ષના ઓડિટેડ બેલેન્સશીટ / ઈન્કમટેક્ષ રિર્ટનની નકલો રજુ કરવાની રહેશે.

નોંધ : ઉપરોકત એ, બી, સી, ડી, ઈ માં માગેલ સીંગલ વર્કઓર્ડર, બેલેન્સસીટ, આઈટી રીર્ટન, ટર્નઓવર, માલિકીની એમ્બ્યુલન્સ, સોલવંશી સર્ટીફીકેટ વિગેરેના નીચે મુજબ દસ્તાવેજી પુરાવાઓ ગ્રાહય રાખવામાં આવશે.

(૧) વ્યકિતગત માલિકના કિસ્સામાં તેના પોતાના નામે કે તેની પ્રોપાઈટરશીપ ફર્મના નામે હોવા જોઈશે.

(૨) ભાગીદારી પેઢીના કિસ્સામાં તેના ભાગીદારના નામે કે તેની ભાગીદારી પેઢીના નામે હોવા જોઈશે.

(૩) કંપનીના કિસ્સામાં તેના કંપનીના નામે કે તેના સંચાલકોના નામે હોવા જોઈશે.

(૪) સંયુકત સાહસના નામે કોઈ દસ્તાવેજ કે માલિકી માન્ય રહેશે નહીં.

ઉપરોકત હેતુ (એ-બી-સી-ડી-ઈ-એફ) માટે બીડર શબ્દમાં નીચેના નો સમાવેશ થશે.

- જે વ્યકિત / પ્રોપરાઈટરે ટેન્ડર અનુસંધાને ભાવ ભરેલ હોય તે વ્યકિત / પ્રોપરાઈટરે અને અથવા
- જે પેઢી દવારા ભાવ ભરેલ હોય તે પેઢી, અને અથવા
- જે કંપની દવારા ભાવ ભરેલ હોય તે કંપની , અને અથવા
- જે કોઈ ભાગીદારી પેઢી દવારા ભાવ ભરેલ હોય તે પેઢી.

૩. ટેકનીકલ બીડની બાબતમાં બીડરની યોગ્યતા સમગ્રતયા ચકાસી બીડરની યોગ્યતા નકકી કરવાનો નિગમનો નિર્ણય આખરી રહેશે.

૪. ટેન્ડર દસ્તાવેજમાં માગ્યા મુજબની સંપૂર્ણ વિગત દસ્તાવેજ સહિત રૂબરૂમાં બંધ કવરમાં રજૂ કરવાનાં રહેશે. તેની સાથે ટેન્ડર ફી રૂા.૧૦૦૦/-અને અર્નેસ્ટમની પેટે પ્રતિગૃપ રૂા.૫૦,૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ " જીએમડીસી લિ.અમદાવાદ" ના નામનો રજુ કરવાનો રહેશે. ટેન્ડર ફી અને અર્નેસ્ટમની વગરનાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડ્રાફ્ટ ટેકનીકલ બિડ સાથે તા.૦૩.૦૮.૨૦૧૫ બપોરે ૩-૦૦ કલાક સુધીમાં પાંચમા માળે રજીસ્ટ્રી વિભાગમાં જમા કરાવવાના રહેશે

૫. કામના કલાક : ૨૪ કલાક - સમય - રૂટ - પ્રોજેકટ ઓફિસની / મેડીકલ ઓફિસરની સુચના મુજબ નકકી કરવાનો રહેશે. ડ્રાઈવર સમર્પિત અને શિક્ષિત સ્વચ્છ-સુઘડ અને નિર્વ્યસનિ હોવા જોઈએ.

૬. સીકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા. ૫૦,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ/નેશનલાઈઝ બેન્કની બેન્ક ગેરંટી જીએમડીસી લિ. અમદાવાદ ખાતે ઓર્ડર મળ્યેથી દિન-૭ માં જમા કરાવવાના રહેશે. સદર સીકયુરીટી ડીપોઝીટ ઉપર કોઈપણ પ્રકારનું નિગમ તરફથી વ્યાજ મળશે નહી. સદર રકમ કોન્ટ્રાકટની અવધિ સંતોષપૂર્વક પૂર્ણ થયા બાદ ૩૦ દિવસમાં પરત ચુકવવામાં આવશે.

૭. પેટા કોન્ટ્રાકટ આપવા બાબત : કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન કોઈપણ સંજોગોમાં સદર કોન્ટ્રાકટ અન્ય કોન્ટ્રાકટરને પેટા કોન્ટ્રાકટ તરીકે તબદીલ કરી શકાશે નહી.

૮. વાહન ચલાવવા તેમજ સમારકામ બાબત : તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૯. **ઈન્કમટેક્ષ તથા અન્ય વેરા :** ઈન્કમટેક્ષ તેમજ અન્ય લાગુ પડતા વેરા આપના બીલમાંથી કપાત કરવામાં આવશે.

૧૦. મજુર તથા પી.એફ કાયદા બાબત : મજુર તથા પી.એફ. કાયદા મુજબ લાગુ પડતા તમામ વેરા તથા સર્વિસટેક્ષ આપે ભરવાના રહેશે.

૧૧. આર.ટી.ઓ. કાયદા તથા વેરા બાબત : આરટીઓના કાયદા મુજબ ભરવાના થતા ટેક્ષ, પરવાનો તથા વાહનની ફીટનેસ અંગે પ્રમાણપત્રો તથા ક્રોમ્પ્રીહેન્સીવ થર્ડ પાર્ટી વીમા પોલીસી મેળવીને તેની ઝેરોક્ષ નકલ વડીકચેરી - અમદાવાદ ખાતે તથા પ્રોજેકટના સક્ષમ અધિકારીને જમા કરાવવાની રહેશે.

૧૨. કોન્ટ્રાકટની અવધિ : કોન્ટ્રાકટ શરૂ થયા તારીખથી બે વર્ષની રહેશે. આ વર્ષ દરમ્યાન કામગીરી સંતોષકારક હશે તો કોન્ટ્રાકટની અવધિ વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવશે. અને જે અંગેની શરતો અને બોલીઓ તથા ભાવ યથાવત રહેશે.
કોન્ટ્રાકટ સમયગાળા દરમ્યાન મેનેજમેન્ટને વાહન તથા સર્વિસ સંતોષકારક જણાશે નહી તો એક માસની લેખિત નોટીસ આપી આ કોન્ટ્રાકટ રદ કરી શકશે. આ રદબાતલ કરેલ કોન્ટ્રાકટ માટે કોન્ટ્રાકટર કોઈપણ જાતનું વળતર મેળવવા હકકદાર રહેશે નહી.

૧૩. કોન્ટ્રાકટના વિવાદ અંગે : કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારનો કાયદાકિય વિવાદ ઉદભવશે તો તેનું કાર્યક્ષેત્ર અમદાવાદ મધ્યેની કોર્ટ રહેશે.

૧૪. ડીઝલ ભાવ વધ/ઘટ અંગે : કોન્ટ્રાકટ શરૂ થવાની તારીખના ડીઝલના સ્થાપિત ભાવ બાદ પ્રતિ લીટર ૦૯ કિ.મી. ની એવરેજ મુજબ ડીઝલનો ભાવમાં વધારો / ઘટાડો થશે તો તે મુજબ ગણત્રીમાં લેવામાં આવશે.
નોંધ : ડિઝલના ભાવમાં વધારો / ઘટાડો થાય તો ૯ કિ.મી. પ્રતિ લિટર પ્રમાણે એવરેજની ગણતરી ધ્યાનમાં લેવામાં આવશે. જેટલા કિલો મીટરનો વપરાશ થયેલ હોય તેના ઉપર ડિઝલમાં થયેલ ભાવનો વધારો / ઘટાડો માન્ય રાખવામાં આવશે. તે અંગેનું ઉદાહરણ નીચે મુજબ છે :
દા.ત નિગમે નકકી કરેલ એમ્બ્યુલન્સ / પ્રતિ માસ કિ.મી. ૩૦૦૦
ખરેખર વપરાશ થયેલ પ્રતિ એમ્બ્યુલન્સ / પ્રતિ માસ કિ.મી. ૨૪૦૦
ટેકનિકલ બિડ ખોલવાની તારીખે ડિઝલનો ભાવ પ્રતિ લીટર રૂા.૫૦/-
નવો ડિઝલનો ભાવ પ્રતિ લીટર રૂા.૫૨/-
ડિઝલ ભાવ તફાવત પ્રતિ લીટર રૂા.૨/-
ગણતરી પ્રતિ લીટર એમ્બ્યુલન્સ ૯ કિ.મી. સરેરાશ ચાલે તો ૩૦૦૦ કિ.મી. માં ૩૩૩ લીટર ડિઝલ જોઈએ. પરંતુ ૨૪૦૦ કિ.મી. નો વપરાશ થયો હોય તો ડિઝલ ૨૬૬ લીટર વપરાશ સરેરાશ થશે તે મુજબ પ્રતિ લીટર રૂા.૨/- ની ગણતરી કરતાં કુલ રકમ રૂા.૫૩૨/- નું ચુકવણું નિગમે કરવાનું રહેશે. (સદર ગણતરી ભાવ વધારો / ઘટાડો બન્નેમાં લાગુ પડશે).

૧૫. નિયત થયેલા કિ.મી. થી જે મહિને વપરાશ ઓછો થાય તો તેટલા ઘટતા કિ.મી. તેના પછીના મહિનામાં સરભર કરી લેવામાં આવશે.

૧૬. કોન્ટ્રાકટરે એમ્બ્યુલન્સ પોતાની માલિકીની હોય તેવી જ આપવાની રહેશે. અન્ય કોઈ વ્યકિતની માલિકીની એમ્બયુલન્સ સ્વીકાર્ય રહેશે નહી. માલિકી અંગેના જરૂરી પુરાવા / દસ્તાવેજની ખરાઈ કરાવવાની રહેશે અને પુરાવાઓની પ્રમાણિત નકલ માતાનામઢ પ્રોજેકટ ખાતે રજૂ કરવાની રહેશે.

૧૭. કોન્ટ્રાકટરે એમ્યુલન્સ ઉપર " ઓન ડયુટી જીએમડીસી " નું બોર્ડ લગાવવાનું રહેશે.

૧૮. વારંવાર એમ્યુલન્સ ડ્રાઈવર ન બદલાય તે અંગેની તકેદારી કોન્ટ્રાકટરે રાખવાની રહેશે. (વધુમાં વધુ વર્ષમાં ત્રણ વખત ડ્રાઈવર બદલી કરી શકાશે.

૧૯. લોગબુક રાખવા બાબત. - કોન્ટ્રાકટના સમય દરમ્યાન ઉપડતું મીટર તેમજ બંધ મીટરની નોંધ લેવાની રહેશે, તેમજ રોજબરોજ જે અધિકારી નિયુકત કરેલ હશે તેમની સહી લેવાની રહેશે.

૨૦. બીલનું ચુકવણું : કુલ બીલની રકમના ૧૦૦ ટકાનું ચુકવણું બીલ રજુ કર્યેથી પ્રોજેકટ ઓફિસ ધ્વારા દિન-૭ માં ચેકથી કરવામાં આવશે.

૨૧. નિગમના પેટ્રોલપંપ ઉપરથી ડીઝલ કે ઓઈલ આપવામાં આવશે નહી. જેની વ્યવસ્થા પ્રાઈવેટ પેટ્રોલપંપ ઉપરથી કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

૨૨. મેનેજમેન્ટ ધ્વારા અન્ય કોઈ સગવડ આપવામાં આવશે નહી. રહેઠાણ, વીજળી વગેરે તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે તેમ છતાં જો ઉપલબ્ધ હશે તો નાણાં વસુલ લેવાની શરતે સ્થાનિક વહિવટ સાથેના અલગ એગ્રીમેન્ટથી આપવામાં આવશે. (હકકથી નહી.)

૨૩. પ્રોજેકટ સત્તાની પૂર્વ મંજુરી મેળવીને મહિનામાં એક દિવસ (બન્ને પક્ષોની અનુકૂળતા ધ્યાને લઈને નકકી કરેલ દિવસ) મેઈન્ટેનન્સ/સમારકામ માટે ફાળવવામાં આવશે તે સિવાયના દિવસોમાં કોઈપણ કારણસર જેટલા દિવસ કોન્ટ્રાકટરનું વાહન ઉપલબ્ધ નહી હોય તો માસિક બીલમાંથી સરેરાશ તેટલા દિવસોનું દોઢું ભાડું તેજ માસના બીલમાંથી કપાત કરી લેવામાં આવશે.

૨૪. ચાલુ શીફટ દરમ્યાન વાહન બંધ પડે / અકસ્માત થાય અથવા કોન્ટ્રાકટર પોતાનું વાહનને જો કોઈપણ કારણસર પરત ખેંચીલે તેવા કિસ્સામાં કોન્ટ્રાકટરે સ્વખર્ચે વૈકલ્પિક વ્યવસ્થા તુરંત કરવાની રહેશે. આમ કરવાને કોન્ટ્રાકટર નિષ્ફળ જશે તો નિગમ કોન્ટ્રાકટર વતી વૈકલ્પિક વ્યવસ્થા કરશે અને તે અંગેનો ખર્ચ બીલમાંથી વસુલ કરવામાં આવશે. આ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમિક ફરજ કોન્ટ્રાકટરની બને છે તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પિક
વ્યવસ્થા નિગમને કરવાની ફરજ પડેલ હોવાથી આ અંગેની જાણ / મંજુરી મેળવવાની જવાબદારી નિગમની બનતી નથી.

૨૫. વાહનનો સંપૂર્ણ વીમો હોવો જરૂરી છે તથા અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. તથા તેને સલગ્ન કોર્ટ કચેરી ખર્ચ પણ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

૨૬. નિગમને એક નંગ એમ્યુલન્સ માતાનામઢ ખાતેની જરૂરીયાત મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબની જ છે અન્ય પ્રકારના મોડલની એમ્યુલન્સની જરૂરીયાત નિગમને નથી. તે ખાસ ધ્યાનમાં રાખવા વિનંતી.

૨૭. પેનલ્ટી : કોન્ટ્રાકટમાં દર્શાવેલી જવાબદારીમાં જો કોઈ ભંગ થશે તો આપના જે તે મહિનાના બીલમાંથી ફલેટ ૫% ની પેનલ્ટી લગાવવામાં આવશે. આ અંગેનો નિર્ણય સંપૂર્ણપણે જનરલ મેનેજર (પ્રોજેકટ) માતાનામઢે કરવાનો રહેશે અને તે નિર્ણય આખરી તથા માન્ય ગણાશે.

૨૮. બીડરે પ્રાઈસ બીડ આ સાથે સામેલ એનેક્ષર-એ મુજબ ભરવાનું રહેશે.

૨૯. ઈ-ટેન્ડર ભરનાર બીડરે દસ્તાવેજી પુરાવાઓ, ઈએમડી ડ્રાફટ, ટેન્ડર ફી વિગેરે ટેન્ડર ભરવાની સમયમર્યાદા પહેલા જીએમડીસીના ઉપરોકત જણાવેલ સરનામે બંધ કવરમાં, કવરની ઉપર ટેન્ડર નંબર તેમજ વિષય લખીને જમા કરાવવાના રહેશે.

૩૦. એમ્બ્યુલન્સના ભાવ બીડરે સર્વિસટેક્ષ સીવાયના ભરવાના રહેશે.

૩૧. ભરેલ ભાવની સમય મર્યાદા : ૧૨૦ દિવસ ની રહેશે.

૩૨. સર્વિસટેક્ષ (૧૪%) : સર્વિસટેક્ષના ચુકવણાં બાબતે વખતો વખત સરકારશ્રી ધ્વારા નકિક કરવામાં આવે તે પ્રમાણે એજન્સીએ તેનો અમલ કરવાનો રહેશે.
**"Service tax will be paid/adjusted/reimbursed to the party as per prevailing rates & rules as per Service tax act to the extent directly related to the services rendered by the party under the said contract subject to production of documentary proof and party will mention the sevice tax amount separately in the invoice/bill after considering the abatement, if any."**

સદર કામ ઉપર લાગુ પડતો સર્વિસ ટેક્ષ પ્રર્વતમાન દર અને કાયદા મુજબ ચુકવણું કરવામાં આવશે. જો કાયદા મુજબ સર્વિસ ટેક્ષ કોન્દ્રાકટરે ભરવાપાત્ર હશે તો કોન્દ્રાકટરે કાયદા મુજબ ભરવાપાત્ર સર્વિસ ટેક્ષની રકમ તે કામના બિલમાં દર્શાવવાની રહેશે તથા સર્વિસ ટેક્ષના ચુકવણાં માટે સર્વિસ ટેક્ષ ભર્યા અંગેનો દસ્તાવેજી પુરાવો રજૂ કરેથી કોન્દ્રાકટરને સર્વિસ ટેક્ષ ચુકવવામાં આવશે.

૩૩. બીડરે રાજય / કેન્દ્ર સરકાર ધ્વારા ફેરફાર કરવામાં આવતાં તમામ નિયમોનો / શરતોનો અમલ કરવાનો રહેશે.

૩૪. ટેન્ડરના ટેકનીકલ બીડ ખુલવાની તારીખ બાદ ડયુટી, વેરાઓ, સેસ વગેરેમાં કોઈ વૈધાનિક વધારો કે ઘટાડો અથવા કોઈ નવી ડયુટી, વેરાઓ, સેસ કે અન્ય ઉઘરાણું વગેરે કામ પુરુ થવાની નિયત તારીખ સુધી જીએમડીસીના શિરે રહેશે અલબત કોન્દ્રાકટરે પૂરી પાડેલ સેવાઓ સામે પ્રત્યક્ષરીતે સંકળાયેલ હોય તેવી સેવાઓ સબબ મજકૂર રકમ જમા કરાવવા કે સરભર કરવામાં આવ્યોનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવાનો રહેશે.